# ગાંધીનગરમાં ૨૬મીએ શપથવિધિ સમારોહ

**નવું મંત્રીમંડળ મંગળવારે પદભાર સંભાળશે : દ્વિસ્તરીય મંત્રીમંડળમાં ૨૬ થી ૨૭ ચહેરાઓને સ્થાન અપાશે : સચિવાલય ગ્રાઉન્ડ ખાતે શપથવિધિ સમારોહ**

ગાંધીનગર, તા. ૨૩

રાજ્યમાં વિજય રૂપાણી અને નીતિન પટેલના નેતૃત્વમાં રચાનારી સરકારની સોગંદવિધિ મંગળવારને તા. ૨૬-૧૨-૨૦૧૭ના રોજ સવારે ૧૧ વાગે સચિવાલયના હેલીપેડ ગ્રાઉન્ડ ખાતે થશે.

પાટનગરના રાજકીય વર્તુળોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ૨૭ જેટલા મંત્રીમંડળમાં સાથીઓ હશે. જેમાં ૧૦ કેબિનેટ મંત્રી અને ૧૬ થી ૧૭ રાજ્યકક્ષાના મંત્રી હશે.

દ્વિસ્તરીય મંત્રીમંડળની રચનામાં કોને કોને સમાવવા તે અંગેની કવાયત હાથ ધરવામાં આવી છે. રાજ્ય-કેન્દ્ર સરકાર એ મારી સરકારની ભાવનાને ચરિતાર્થ કરવા સમાજના તમામ વર્ગને યોગ્ય પ્રતિનિધિત્વ આપવામાં આવશે તેમજ લગભગ જિલ્લાઓને સ્થાન મળી રહે તેનો ખ્યાલ પણ રખાશે.

મળતી વિગતો પ્રમાણે જુના અને નવા ચહેરાઓ ધરાવતી આ સરકાર પ્રથમ દિવસથી જ લોકાભિમુખ વહીવટ માટે કટિબદ્ધ બનશે. સર્વસમાવેશક વિકાસ એ તેનો મંત્ર રહેશે. પાટનગરના રાજકીય વર્તુળઓમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ વડોદરા, અમદાવાદ અને સુરત શહેરમાંથી યુવાઓ અને જુના ચહેરાઓની પસંદગીને અગ્રતા અપાશે. આ ઉપરાંત સંગઠનમાં પણ સાથે જ ફેરફાર કરવામાં આવશે જેથી સંગઠનની જવાબદારી પણ કેટલાક ધારાસભ્યોને પણ સમાવવામાં આવશે.

મંત્રીમંડળમાં સ્થાન જેમનુ નિશ્ચિત મનાઈ રહ્યુ છે તેવા નામોમાં આર.સી. ફળદુ, જીતુ વાઘાણી, ગણપત વસાવા, ભૂપેન્દ્રસિંહજી ચુડાસમા, પ્રદીપસિંહજી જાડેજા, મનીષાબેન વકીલ, હર્ષ સંઘવી, ભરતસિંહજી ડાભી, દિલીપ ઠાકોર, પુરૂષોત્તમ સોલંકી, સૌરભ પટેલ, ભૂપેન્દ્રભાઈ પટેલ, રાજેન્દ્ર ત્રિવેદી, વિભારવીબેન દવે, ગોવિંદભાઈ પટેલ, દુષ્યંત પટેલ, પંકજ દેસાઈ સહિતના નામોનો સમાવેશ થાય છે.



વિધાનસભાના દંડક તરીકે જીતેન્દ્ર સુખડિયા, પૂર્ણેશ મોદી જેવા નામોની પણ વિચારણા ચાલી રહી છે. અધ્યક્ષપદ માટે ડૉ. નીમાબેન આચાર્યનું નામ સૌથી આગળ ચાલી રહ્યુ છે. જો કે દંડક અને અધ્યક્ષની વરણી વિધાનસભા સત્રમાં કરવાની હોવાથી હાલ આ બાબતે વિચારણા પ્રાથમિક તબક્કામાં હોવાનું રાજકીય વર્તુળો કહી રહ્યા છે.

ભાજપ દ્વારા શપથવિધિ સમારોહને લઈ તડામાર તૈયારીઓ ચાલી રહી છે. ભાજપ સરકારના આ શપથવિધિ સમારોહમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ સહિતના દિગ્ગજ નેતાઓની હાજરી નોંધનીય બની રહેશે. આજે ભાજપના પ્રદેશ અધ્યક્ષ જીતુ વાઘાણી, નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ, ભુપેન્દ્રસિંહ ચુડાસમા, કેન્દ્રીયમંત્રી મનસુખ માંડવીયા, કૌશિક પટેલ, ગણપત વસાવા સહિતના ભાજપના નેતાઓની કોર ટીમે આજે મોડી સાંજે રાજયપાલ ઓ.પી.કોહલીને ભાજપની નવી સરકાર રચવાનો દાવો રજૂ કર્યો હતો. જેને લઈ રાજયપાલે પણ ભાજપને સરકાર રચવાનું આમંત્રણ આપ્યું હતું.

## શહેરમાં મુખ્યમાર્ગો પરના સેન્ટ્રલ વર્જની સફાઈ માટે વનતંત્રની ટીમ કામે લાગી

ગાંધીનગર તા ૨૩

શહેરના મુખ્ય માર્ગો વચાળે સ્થિત સેન્ટ્રલ વર્જની સફાઈ હાથ ધરવામાં આવી છે. વન તંત્ર દ્વારા સફાઈ ઝુંબેશ હાથ ધરાઈ છે. માર્ગ વચાળે સ્થિત સેન્ટ્રલ વર્જમાં રોપાઓ આડશરૂપ બનતા ક્રોસ રસ્તા નજીક પૈડા પરની જિન્દગી જોખમી બની હોવાનો સુર ઉઠવા પામ્યો હતો. જેના લીધે રોપા હટાવી અગાઉ દોઢ મીટરના અંતરમાં પેવર બ્લોકનુ કામ હાથ ધરાયુ હતુ. જયારે લાંબા સમયથી સેન્ટ્રલ વર્જની સફાઈ ન થતા ગંદકી ખદબદી રહી છે જેને ધ્યાને લઈ વનતંત્ર દ્વારા હાલ સફાઈ અભિયાન હાથ ધરાયુ છે.

**પેવર બ્લોકની કામગીરીના અંતે લાંબા સમયના બાદ સેન્ટ્રલ વર્જની સફાઇ હાથ ધરાઇ**

શહેરમાં વૃક્ષોની સંખ્યા વિશેષ છે. ત્યારે સમયાંતરે વૃક્ષોનુ ટ્રીમીંગ તેમજ વન આરક્ષિત જગ્યામાં સફાઈ કામગીરી હાથ ધરવાની અનિવાર્યતા વર્તાય છે. જો કે વન આરક્ષિત જગ્યામાં પણ જનજાગૃતિ તેમજ સફાઈના અભાવે કચરાના ઢગ ખડકાયેલા જોવા મળે છે. વન આરક્ષિત જગ્યામાં દબાણોનો અડ્ડીંગો પણ સ્થાનિક રહીશો માટે શિરદર્દ સમાન બને છે. બીજીતરફ છેલ્લા ઘણાં સમયથી વન તંત્ર દ્વારા શહેરના મુખ્યમાર્ગો વચાળે સ્થિત સેન્ટ્રલ વર્જમાં સફાઈ કરવામાં આવી નથી. જેના લીધે સેન્ટ્રલ વર્જમાં કચરાના ઢગ જોવા મળી રહયા છે. અગાઉ ટ્રીમીંગની કામગીરી હાથ ધરવામાં આવી હતી. પરંતુ સફાઈ કામગીરી બાકી રહી હતી. જયારે આ કામગીરી પુર્ણ કરવા માટે તંત્ર દ્વારા ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. શહેરના ઘ અને ચ માર્ગ પર સફાઈ ઝુંબેશ હાથ ધરાઈ છે. જેમાં ખાસ કરીને વનતંત્ર દ્વારા સેન્ટ્રલ વર્જમાં સફાઈ કરવામાં આવી રહી છે સેન્ટ્રલ વર્જને વધુ આકર્ષક બનાવવા માટે અગાઉ રોપાઓની વાવણી પણ કરવામાં આવી હતી.

● અનુસંધાન પાન-૭ પર

## સેક્ટર-૯માંથી સ્વાઈન ફ્લુ પોઝીટીવનો કેસ મળી આવ્યો

ગાંધીનગર, તા. ૨૩

શિયાળાની ઠંડીની અસરો તીવ્ર થતાં જ શહેરમાંથી સ્વાઈન ફ્લુ પોઝીટીવનો એક કેસ મળી આવેલ છે.

મળતી વિગતો પ્રમાણે સે. ૯માંથી એક ૫૦ વર્ષીય પુરૂષ દર્દીને આજે સ્વાઈન ફ્લુ પોઝીટીવ જણાયેલ છે. આ દર્દીને ગઈકાલથી ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ જ્યાં આજે પરીક્ષણ દરમ્યાન સ્વાઈન ફ્લુ પોઝીટીવ જણાયેલ છે. શહેરમાં એક મહિના પછી પુનઃ આ બીજો કેસ નોંધાયો છે. ચાલુ વર્ષ દરમ્યાન ફ્લુના કેસોની સંખ્યા વધીને ૫૬ થઈ છે. આજે સ્વાઈન ફ્લુનો પોઝીટીવ કેસ મળી આવતાં જ તંત્રમાં દોડધામ મચી જવા પામી છે. ઠંડીની તીવ્રતા હજુ બે થી ત્રણ દિવસ રહેવાની હવામાન વિભાગે ચેતવણી પણ આપી છે. તંત્રએ લોકોને સતર્ક રહેવા અને શરદી-ખાંસીના કેસોમાં ઉદાસીનતા ન રાખવા પણ અપીલ કરી છે. તંત્રએ આજે મળી આવેલ દર્દીના ઘરની આસપાસના વિસ્તારમાં સર્વેની કામગીરી હાથ ધરેલ છે પણ આસપાસમાંથી કોઈ શંકાસ્પદ તાવના કે શરદી ખાંસીના કેસ મળી આવેલ નથી. ગાંધીનગર શહેરમાં સ્વાઈન ફ્લુએ દેખા દેતાં જ હરકતમાં આવેલ તંત્રએ શહેરના અર્બન હેલ્થ સેન્ટરના અધિકારીઓને પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવા માટેની તાકીદ કરી છે.

## જિલ્લામાં રવિ સીઝનની વાવણી ૬૭,૪૫૮ હેક્ટરમાં કરાઈ

**બટાટાનું ૬૮૭૯ હેક્ટરમાં તેમજ ડુંગળી અને સવાના પાકનું વાવેતર પણ નોંધાયુ**

**ઘઉંની સરેરાશ ખેતી જળવાઈ રહી : શાકભાજીના પાકોનો વિસ્તાર પણ વધ્યો**

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લામાં રવિસીઝનની વાવણી ૬૭,૪૫૮ હેક્ટર વિસ્તારમાં સંપન્ન થઈ છે. જો કે ગત વર્ષની તુલનામાં વાવેતર વિસ્તાર ઘટવા પામ્યો છે.

હવામાનમાં સતત બદલાવ અને વાવણી માટેનું પ્રતિકૂળ વાતાવરણ હોવાને કારણે મોડી વાવણી સંપન્ન થવા પામી હોવાનુ જાણવા મળેલ છે.

જિલ્લામાં આ વખતે રવિ સીઝનમાં બટાટાનું વાવેતર ૬૮૭૯ હેક્ટર વિસ્તારમાં થયુ છે જે જિલ્લા માટે વિક્રમી છે. જિલ્લામાં અગાઉ ૬૫૦૦ હેક્ટર વિસ્તારમાં બટાટાની ખેતી થઈ હતી. બટાટા એ શાકભાજીનો રાજા કહેવાય છે તેમજ આ વર્ષે પણ કોન્ટ્રેક્ટ ફાર્મિંગ આ ખેતીમાં વધુ જોવા મળી રહી છે.

જિલ્લામાં આ વખતે પ્રયોગશીલ ખેડૂતો દ્વારા ૧૦ હેક્ટર વિસ્તારમાં ડુંગળી તેમજ પાંચ હેક્ટરમાં સવાનું પણ વાવેતર કર્યું છે.

જિલ્લામાં વરિયાળીનું ૧૩૮૧ હેક્ટર, જીરાનું ૪૬ હેક્ટર, તમાકુનું ૩૦૯૭ હેક્ટરમાં, રાઈનું ૯૫૦ હેક્ટરમાં તેમજ ઘઉંનું વાવેતર ૨૧,૧૧૦ હેક્ટર વિસ્તારમાં વાવેતર થયુ છે.

જિલ્લામાં વારંવાર હવામાન બદલાતુ રહેલુ હોવાથી તેમજ ઠંડીનો પ્રભાવ પણ મોડો શરૂ થતાં સિઝન લેટ શરૂ થઈ હોવાથી ખેડૂતો હમણાં સુધી વાવણીના કાર્યમાં વ્યસ્ત રહ્યા છે.

જિલ્લામાં શાકભાજીના પાકોનું વાવેતર પણ ૬૩૦૦ હેક્ટરથી વધ્યુ છે જે ખેડૂતો રોકડિયા પાક તરફ વળ્યા હોવાનો પુરાવો છે.






## પ્રવાસી શિક્ષકોની મુદત લંબાવવાનો રાજ્ય સરકારનો મહત્વનો નિર્ણય

ગાંધીનગર, તા. ૨૩

ગુજરાત સરકારે રાજ્યની શાળાઓમાં તાસદીઠ માનદ વેતનથી પ્રવાસી શિક્ષકોની કરેલી નિમણુકની ૨૧ ડિસેમ્બર ૨૦૧૭ના રોજ પુરી થયેલી મુદત લંબાવવાનો નિર્ણય રાજ્યમાં શાળાકીય શિક્ષણના વ્યાપક હિતમાં કર્યો છે. રાજ્યમાં ૬૦૦૦થી વધુ વિવિધ પ્રવાસી શિક્ષકોને આ મુદત વધારાનો લાભ મળશે.


ગાંધીનગર માટે
LED TV, LCD TV
રીપેરીંગ માટે ફોન કરો
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
મો. ૯૭૧૪૧ ૯૮૩૬૬

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

અભિનંદન



ડો. સી. જે. ચાવડા
(ધારાસભ્ય, ગાંધીનગર - ઉત્તર)
ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ગાંધીનગર ઉત્તર બેઠક પર રસાકસીભર્યા જંગમાં વિજેતા થવા બદલ અભિનંદન પાઠવીએ છીએ.. આપની રાજકીય કારકિર્દી વધુ ને વધુ ઉજ્જવળ બને એવી શુભેચ્છાઓ પાઠવીએ છીએ....

જશુભા પી. રાણા
પૂર્વ પ્રમુખ, જિલ્લા પંચાયત, ગાંધીનગર
પૂર્વ પ્રમુખ, ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ
યુવરાજસિંહ જશુભા રાણા
ચેરમેન, ધણપ સેવા સહકારી મંડળી લિ.
ડીરેક્ટર, ગાંધીનગર જિલ્લા સહકારી ખરીદ-વેચાણ સંઘ
મહામંત્રી, ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિ
જયરાજસિંહ વાઘેલા
કાઉન્સીલર, ગાંધીનગર મહાનગરપાલિકા





Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com